# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત સરસપુર હંજર સિનેમા પાસે આવેલ આર.સી.ટેકનીકલ પાસે કોર્નર ઉપર બુલેટ ટ્રેનનું સ્ટેશન બનાવવાનું કામકાજ દિનેશચંદ્ર આર.અગ્રવાલ કંપની દ્વારા ચાલુમાં છે. જે સ્ટેશનના પાછળના ભાગે બુલેટ ટ્રેનના ટ્રેકનો પીલ્લર બનાવવાનું કામકાજ ચાલુ કરવાનું હોય ફૈઝાન સ્કુલથી નવું નિર્માણ પામેલ બુલેટ ટ્રેન સ્ટેશન સુધી ૨૫-મીટર જેટલો રોડ વાહન વ્યવહાર માટે ડાયવર્ટ કરવામાં આવનાર છે. આ કામગીરી **૩-માસ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| અ.નં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગ |
|---|---|---|
| ૧. | ફૈઝાન સ્કુલ વાળા રોડ ઉપર આવેલ આર.સી.ટેકનીકલથી કાલુપુર મેટ્રો સ્ટેશન સુધીનો ૨૫-મીટર જેટલો રોડ વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેશે. | **૧.** ગીરધર કેમ્પસ સરસપુર તરફનો ટ્રાફિક શહેરકોટડા જુના પોલીસ સ્ટેશન તરફ થઈ ફૈઝાન સ્કુલ તથા સ્કુલની બાજુમાં આવેલ અલગ-અલગ ચાલીઓના રહીશો ફૈઝાન સ્કુલ તરફ તથા ચાલીઓમાં જઈ શકશે.<br>**૨.** સરસપુર તરફથી આવતો ટ્રાફિક જુના શહેરકોટડા પોલીસ સ્ટેશન થઈ ફૈઝાન સ્કુલ તથા અલગ-અલગ ચાલીઓમાં જઈ શકશે.<br>**૩.** સરસપુર શહેરકોટડા વિગેરે વિસ્તારના વિધાર્થીઓ જે ફૈઝાન સ્કુલમાં અભ્યાસ કરે છે તે વિધાર્થીઓ આર.સી.ટેકનીકલ કેમ્પસનો નવો રોડ ઉપર્યુક્ત કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તેનો ઉપયોગ કરી ફૈઝાન સ્કુલમાં જઈ શકશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૦/૯/૨૦૨૪**

**( એન.એન.ચૌધરી )**
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર